International Journal of Advance and Applied Research
www.ijaar.co.in
ISSN – 2347-7075 Impact Factor – 7.328
Peer Reviewed Bi-Monthly
Vol.11 No.2 Nov-Dec 2023

# 'કાચું કપાયું' - વાર્તામાં નિરૂપાયેલું નગરજીવન

ડૉ. રાજેન્દ્ર કે. મકવાણા
એસોસિયેટ પ્રોફેસર, એસ. આર. ભાભોર આટર્સ કોલેજ, સીંગવડ
Corresponding Author – ડૉ. રાજેન્દ્ર કે. મકવાણા

DOI- 10.5281/zenodo.10282980

**સારાંશ:**

બિપિન પટેલની બહુધા વાર્તાઓની પૃષ્ઠભૂમિ અને પરિસર નગરજીવનનો જ છે. શહેરમાં વસતા અને આધુનિક પરિવેશ ધરાવતા લોકોની સંવેદના તેઓ ધારદાર અભિવ્યક્ત દ્વારા વ્યક્ત કરે છે. તેમની વાર્તાઓમાં રસપ્રવાહ આરંભથી અંત સુધી સુપેરે જળવાઈ રહેતો હોય છે. શહેરમાં વસતા અને જીવનના અંતિમ વરસોમાં એટલે કે નોકરીમાંથી નિવૃત્ત થયા પછીના જીવનમાં સમાજસેવા કરવા નીકળેલા વૃદ્ધની થતી કરુણ સ્થિતિ અહીં સચોટપણે મૂકાવા પામી છે. પોતાના કારણે અન્ય વૃદ્ધનું થતું મૃત્યુ વાર્તાનાયકને પારાવાર પીડાનો અહેસાસ પણ કરાવે છે. આખી વાર્તા નગરજીવનના પરિવેશમાં અને નગરજીવનના પ્રશ્નોને લઈને જ લખાઈ છે એ રીતે તેમાં નગરચેતના ભારોભાર આલેખાયેલી જોવા મળે છે.

એક સરેરાશ નોકરિયાત તરીકેનું જીવન વીતાવ્યા પછી નિવૃત્ત થતા વાર્તાનાયકની મનોદશા અને તેમના અતીતનું સુંદર સંયોજન લેખકે વાર્તામાં સાધ્યું છે. નિવૃત્ત થયા પછી થોડા પ્રબુદ્ધ લોકોનું મંડળ બનાવીને કોઈ રાષ્ટ્રીય કે વૈશ્વિક સમસ્યાના નિવારણ માટે બનતું કરવું એવું વાર્તાનાયકે વિચારી રાખ્યું છે. આમ તો વાર્તાનાયકનું આખું જીવન ખૂબ જ સરળતાથી વીત્યું છે. બાળપણમાં જ કવિતાના સાહિત્ય શોખને કારણે સાહિત્યનાં વિવિધ સામયિકો વાંચવાનો લહાવો મળેલો એ રીતે સાહિત્યરુચિ કેળવાઈ હતી. યુવાવસ્થામાં તેના કારણે ત્રણ-ચાર નવલકથાઓ લખી શકાય એટલું કાચું સાહિત્ય પણ નોટબુકોમાં લખ્યું હતું પરંતુ પહેલેથી જ કેળવાયેલી ઉદાસીન વૃત્તિને કારણે એ સાહિત્ય છપાવ્યું પણ નહીં અને ફરી લેખન પણ બંધ કરી દીધું. વાંચનનો શોખ ખરો પરંતુ બહારનું વાંચન એટલે કૉલેજ જીવનમાં પણ પાસ ક્લાસ જ કાયમ આવતો. છતાં નોકરી મળી ગઈ અને નિષ્ઠાથી પ્લાનિંગ ઓફિસની નોકરી કરી. પ્રમોશનમાં રસ નહોતો છતાં એ જ ઓફિસમાં મળ્યું તો સ્વીકાર્યું. આવા ઉદાસીન વાર્તાનાયકે નિવૃત્તિ પછી ઘણી વિચારણાને અંતે મજૂરી કરતા બાળમજૂરો વિશે કંઈક કરવાનું આયોજન કર્યું.

બાળમજૂરી નાબૂદ કરવા માટે ઘણીઘણી સુંદર યોજનાઓ તેમના ચિત્તમાં આકાર લેતી. બાળકો ભેગાં કરી ભણાવવા અને તેમની આજીવિકા માટે પાવડર વેચવો, ટ્રસ્ટ બનાવી સરકાર પાસેથી જમીન લઈ શાળા કરવી. આવા બધા તેમના સુંદર વિચારો વ્યવહારમાં બિલકુલ ફ્લોપ સાબિત થાય છે. કુટુંબ અને સમાજમાં વાર્તાનાયક ખાસ્સા હાંસીપાત્ર બને છે. વાર્તાનાયકના વિવિધ આઈડિયા અને કુટુંબીજનોનો નકાર લેખકે સુંદર રીતે વર્ણવ્યો છે જેમ કે, 'વળી વિચાર આવ્યો, માણેકચોકના ભાવે, શાકભાજી વિતરણ કરું. હોમ ડિલિવરી. અદાવાદની આળસુ પ્રજા જબરદસ્ત પ્રતિભાવ આપશે અને માણેકચોકમાં ભીડ ઘટશે. આ વાતને કુટુંબીજનોએ મૂળમાંથી ડામી દીધી. ઢળતી ઉંમરે આવાં બકાલાં કંઈ નહીં કરવાં, ઈમ આપડી આબરૂની પત્તર ફડઈ જઈ.'(પૃ.૯, જે કોઈ પ્રેમ અંશ) આવી અનેક યોજનાઓ વાર્તાનાયકના ચિત્તમાં રમે છે, અમલમાં મૂકે છે ને નિષ્ફળ જાય છે. તેમની આસપાસની દુનિયાની વરવી વાસ્તવિકતા અને લોકોની ઉદાસીનતાનો તેમને નક્કર અનુભવ પ્રાપ્ત થાય છે.

રોડના કામમાં બાળમજૂરી કરતાં બાળકોના ફોટા સાથે છાપામાં અહેવાલ આપ્યો. એમને થયું કે આ જોઈને કમિશનર તેમને આ સમસ્યાની ચર્ચા કરવા બોલાવશહે પણ તેમાંનું કશું જ થયુ નહીં. એવામાં તેમની પર દીવાનરાયનો ફોન આવે છે ને સરકારી શાળા બંધ કરી વિદેશી કંપનીને આપી દેવાની હિલચાલ સામેના આંદોલનમાં જોડાય છે. કોર્પોરેશન સામે તેઓ સખત લડત આપે છે એટલું જ નહીં કોર્ટમાં જઈને સ્ટે પણ લઈ આવે છે. લડત લાંબી ચાલે છે આથી અકળાઈને તાળા તોડવાનો કાર્યક્રમ બનાવે છે. જે દિવસે વહેલી સવારે આ કાર્યક્રમ રાખ્યો છે તેની આગલી મોડી રાત્રે વકીલ તેમને આવું ન થઈ શકે તેમ કહે છે કારણ કે કોર્ટે સ્ટે આપ્યો છે. વાર્તાનાયક બીજા દિવસે આ લડતમાં જતા નથી ત્યાં સવારે ફોન આવે છે કે દીવાનરાય હાર્ટએટેકથી મૃત્યુ પામ્યા છે. સ્ટે લઈ આવ્યા છતાં લડત ચલાવવી એ વાતની જાણ થતાં જ દિવાનરાયને કાચું કપાઈ ગયાનો અહેસાસ થાય છે અને હાર્ટએટેકથી મૃત્યુ પામે છે. વાર્તાનાયકને

થાય છે કે તેમણે આ બાબતની જાણ દીવાનરાયને કરવી જોઈતી હતી. એ રીતે તેમનાથી પણ કાચું કપાઈ ગયું ને દીવાનરાયનું મૃત્યુ થયું.

આમ, આ વાર્તામાં નગરજીવનના પરિવેશમાં ઘણી બધી શહેરી સમસ્યાઓ લઈને સુરેખપણે મૂકી આપી છે. શહેરના બાળમજૂરીનો પ્રશ્ન, ભ્રષ્ટાચારનો પ્રશ્ન, લોકોની જડ માનસિકતા આ બધાનું સુરેખ નિરૂપણ સર્જકની કળાત્મક અભિવ્યક્તિ દ્વારા આકાર પામ્યું છે. અહીં નગરજીવનની ચેતનાનો સ્પર્શ સુંદર રીતે પમાય છે.

## સંદર્ભઃ


1. ગુજરાતી નવલિકાચયન-૨૦૦૯, સં.પારુલ કંદર્પ દેસાઈ, આવૃત્તિ વર્ષઃ ૨૦૧૧
2. ગુજરાતી નવલિકાચયન-૨૦૧૦, સં. કંદર્પ દેસાઈ, આવૃત્તિ વર્ષ : ૨૦૧૩
3. વાર્તાવિશેષ-હરીશ નાગ્રેચા, સં. શરીફા વીજળીવાળા, આવૃત્તિ વર્ષ : ૨૦૧૦
4. પરમ્પરાપરક વાર્તાઓ, સં. રાધેશ્યામ શર્મા, આવૃત્તિ વર્ષ : ૨૦૦૬


ડૉ. રાજેન્દ્ર કે. મકવાણા